# મારું જીવનઘડતર

–ગોવિંદભાઈ પટેલ

ઝાડનાં પારખાં ફળ પરથી' શ્રેણી : ૧૧

લોકભારતી પ્રકાશન – સણોસરા

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી: ૧૧

મારું જીવનઘડતર

– ગોવિંદભાઈ પટેલ

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત. ભારત. **(India)**

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર

૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

## અનુક્રમ

ઉપહાર....4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર! ....5

નિરાળી શાળાના અનુભવો....7

ઘર જેવું જ વાતાવરણ ! રાજારંક સૌ સમાન !....9

ખેતીને ખોટમાંથી બચાવી; મણારની ખેતી સંભાળી....12

ગણોતધારો ન અપનાવી અને ગરાસદારોને સાથે રાખ્યા !....14

રામજીબાપાની આજીવન સેવા !....16

મૂંઝવતા સવાલો વચ્ચે....17

બાંધકામ ક્ષેત્ર પણ અપનાવ્યું !....21


અભણ માણસની કોઠાસૂઝ !....23

ત્રણેક મોટી ઘાતમાંથી માંડ બચ્યો....24

પરમ સંતોષ....26

શ્રી ગોવિંદભાઈ પટેલ....27

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ,

એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## નિરાળી શાળાના અનુભવો

૧૯૩૮માં ભાવનગરરાજ્યની પ્રાથમિક શાળા, આંબલામાં હું ભણતો હતો. તે અરસામાં નાનાભાઈ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા છોડીને આંબલા આવ્યા. રાજ્યની શાળામાં ભણતો ત્યારે મોંપાટ બોલવાની, અદબ–પલાંઠી વાળીને જ બેસાય, માસ્તરને સલામ કરવાની, ભણવામાં ભૂલો પડે તો માર પણ પડતો. ને કહેવાતું કે, "સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ." હું ભણવામાં નબળો તેથી મને તો વધારે માર પડતો.

અને જ્યારે નાનાભાઈએ પ્રાથમિકશાળા સંભાળી ત્યાં તો જાણે જુગપલટો થયો હોય તેમ લાગવા માંડ્યું. માનથી બોલાવે, હાથ–પગ ધોવડાવે, પહેલાં સવારમાં સંગીતથી શરૂઆત થાય , પછી વાર્તા પણ નાનાભાઈ બાળક સાથે બાળક બનીને કહે. દસકા પદ્ધતિથી ઢગલા કરી ગુણાકાર, ભાગાકાર વગેરે ઢગલાથી કરવાનું. વાંચવાની નાનીનાની ચોપડીઓ પણ લાવે , વચ્ચે તકલી પણ શીખવે. ત્યાર પછી રેંટિયો પણ કાંતતાં શીખવે, ફરવા પણ લઈ જાય. એક વખત વાંકાનેરના હનુમાને નાનાભાઈ સાથે અમે આઠ–દસ જણ ફરવા ગયા. ત્યાં ત્રાંબાકુંડીએ નાનો એવો ધરો. સૌને નાહવાનું મન થયું. નાનાભાઈ કહે , "આપણે સૌ નાહીએ." અમારી પાસે બીજાં કપડાં તો ન હતાં. નાનાભાઈ કહે , "બાળકોને એમનેમ ના'વામાં વાંધો નહીં." એટલે અમે તો વગર કપડે ધૂબકા માર્યા, જે હજુ યાદ આવે છે.

બીજા વર્ષે લોકશાળા શરૂ થઈ ને નાનાભાઈને નવા વિચારો આવ્યા. અભ્યાસમાં ઉદ્યોગ કરવાનો. ખેતી ઉદ્યોગ, ગોપાલન, રેંટિયો કાંતવાનો, લોઢવાનું, પીંજવાનું વગેરે. ને વળી હરિજનોને સાથે બેસાડવા અને સાથે ભણાવવા. જ્યાં લોકો અડકવાથી અભડાતા તેમની સાથે ભોજન લેવા સુધી તો કેમ ચાલી શકે ? મોટો પ્રશ્ન ઊભો થયો. શરૂઆતમાં ૧૫ છોકરા લોકશાળામાં આવ્યા ને ચાલુ થયું તેમાં આંબલાના તો લગભગ ચાલ્યા ગયા. નાનાભાઈને પૂછતા કે અમારા છોકરાને શું ડીગરી આપશો ? તો નાનાભાઈ કહેતા કે, હું તમારા છોકરાને ગામનો સારો નાગરિક બનાવીશ. બીજાનો વિરોધ થયો કે ખેતી-ગૌશાળા ને રેંટિયા તે તો અમારે ઘરેય છે ને અહીં તો છોકરા વટલાવવાનું નાનાભાઈ કામ કરે છે. માટે આપણે આવું ભણતર નથી જોઈતું. તેથી ગામના તો બધા વિદ્યાર્થી ચાલ્યા ગયા.

હું એક જ, ગામના છોકરામાંથી રહ્યો. તેમાં મારા ઘરે પણ મારાં બા –બાપુજીને ઘણા લોકોએ ખૂબ દબાણ કર્યું કે આ છોકરો ભણીને તમારો નહીં રહે, વટલાઈ જશે. ગામના બધા છોકરા પાછા આવી ગયા છે. તમે ગોવિંદને પાછો બોલાવી લ્યો. મારાં બા જરા વધારે મક્કમ. તે કહે કે , મારે તો પાંચ દીકરા છે. એક ભલે જતો, ને અમારો નહીં રહે ને નાનાભાઈનો થઈ જાશે તો પણ સુખે રળી તો ખાશે ને?

નાનાભાઈ ઉદ્યોગમાં પણ અમારી સાથે આવે. તેમણે કોઈ દિવસ ખેતી જોયેલી પણ ક્યાંથી હોય ? ખેતીનાં સાધનોનો ક્યાંથી ખ્યાલ હોય ? એક વખત અમારા સાથે નીંદવા આવેલ. દાતરડી અવળી પકડી. મેં રમૂજમાં નાનાભાઈને કહ્યું, "નાનાભાઈ, તમને ક્યાં નીંદતા આવડે છે ? દાતરડી તો અવળી પકડી છે." તો નાનાભાઈ કહે, આ બાબતમાં તમે મારા ગુરુ. કેવી મૌલિક વાણી ! આપણને કેટલા માનથી ઉત્તર આપે !

મારો અભ્યાસ બહુ નબળો. ઉદ્યોગનાં કામો મને ફાવે ને બીજાનાં કરતાં ઉદ્યોગ દિલ દઈને કરું. એટલે અભ્યાસની રીતે બહુ આગળ ન આવું , પણ કામની રીતે બધાંની સાથે રહી શકું. મને ગાયો દોહતાં આવડે એટલે ગૃહકામમાં ગાયો દોહવા જાઉં. સવારમાં વહેલાં પાંચ વાગ્યાના સુમારે ગાયોને નીરવાનું, ખાણ દેવાનું ને દોહવાનું કરતો. કોઈ કોઈ વખત નાનાભાઈ નીરણ કરવા પણ આવે.

ત્યારે ગૌશાળાની સાથે નાનાભાઈની પોતાની ગાય પણ હતી તે પણ હું દોહી આપતો. એક વખત મોઢામાં દાતણ ને નાનાભાઈની ગાય દોહવા તેનું બોઘરણું લેવા ગયો. બાને કહ્યું કે "બા , બોઘરણું આપો." બા સ્વચ્છતામાં બહુ માનનારાં. બોઘરણું ઊટકીને ઓશરીની કોરે મૂકેલ. તે મને બતાવ્યું કે આ બોઘરણું લઈ લ્યો. મારા મોઢામાં દાતણ. હાથ પણ થૂંકવાળા હોય. મેં તો તેવા હાથે બોઘરણું લીધું. બાને સહેજે આ તો ન જ ગમે. બાએ જરા ઊંચા સાદે કહ્યું કે , "મોઢામાં દાતણ, થૂંકવાળા હાથ – આમ કાંઈ બોઘરણું ન લેવાય. દાતણ કરીને આવો." તે વખતે નાનાભાઈ અંદર રૂમમાં લખતા હશે. આ સાંભળી નાનાભાઈ બહાર આવ્યા ને હું જતો હતો ત્યાં તાળી પાડી પાછો બોલાવ્યો , "ગોવિંદભાઈ, પાછા આવો." હું થોડો નજીક ગયો ને નાનાભાઈ બોલ્યા, "ગોવિંદભાઈ, આ બોઘરણું પાછું મૂકી દ્યો." ને બાને ઉદ્દેશીને બોલ્યા , "આ છોકરા તમારી ગાય દોવા માટે નથી, તમારે ગાય રાખવી હોય તો તમે વ્યવસ્થા કરો. ગોવિંદભાઈ , તમે સંસ્થાની ગાયો દોહી લ્યો. બાને તેની જે વ્યવસ્થા કરવી હોય તે કરશે."

હું તો સાવ છોડા જેવો થઈ ગયો કે નાનાભાઈના કહેવા મુજબ બોઘરણું મૂકી દેવું કે મારા હાથ –મોં ધોઈ બોઘરણું સાફ કરી ગાય દોહવા જવું , તે વિચારી શક્યો નહીં . ક્યાં હું ને ક્યાં બા ! મારા બચાવ માટે બાને કોડીનાં કરી નાખ્યાં. આ મારા જીવનમાં હજુ યાદ આવ્યા કરે છે. નકરું ભણવાથી જે નથી થતું તે આમ આચરણથી જીવન ઘડાય છે.

## ઘર જેવું જ વાતાવરણ ! રાજારંક સૌ સમાન !

નાનાભાઈ વધારે વખત સંસ્થામાં રોકાઈ શકતા નહીં. ફાળો ઉઘરાવવામાં પણ ઘણો સમય જતો. ત્યારે વિજયાબહેન, મનુભાઈ સાથે વધારે રહેવાનું થતું. એ વખતે મેલેરિયાનો વા ખૂબ. મને મેલેરિયા લાગુ પડેલ. ત્યારે વિજયાબહેન મારું ધ્યાન રાખતાં – ખાવાપીવાનું, ટાઢ વાય તો કામળો ઓઢાડી સુવરાવવાનું. મને મારાં બા પણ ન ચાકરી કરી શકે તેટલી ચાકરી કરતાં. થોડો વખત નહીં – એક વરસ મેલેરિયા લાગુ પડેલ. દવાઓ, લીમડાની ગળો , ગમે ત્યાંથી ભેગું કરી એટલી કાળજીથી ધ્યાન રાખ્યું કે હજુ જીવનમાં ભુલાતું નથી. આવી ચાકરી ઘરનાં કે બા –બાપુજી પણ ન કરી શકે. વિજયાબહેન તથા મનુભાઈએ મા – બાપની ખોટ દેખાવા ન દીધી.

આંબલામાં મારા મોટાદાદા જસાભાભાને ત્યાં નાનાભાઈ ભાગવતકથા વાંચતા હતા . ત્યાં અનાયાસે કૃષ્ણકુમારસિંહજી આંબલાના પાદરે નીકળ્યા ને સાંભળ્યું કે નાનાભાઈ ભાગવત કથા વાંચે છે , તો મહારાજા ડેલામાં ઉઘાડા પગે નાનાભાઈનાં દર્શને આવ્યા , ને દૂરથી નમન કર્યું. નાનાભાઈ કહે , “આવો.” તો કૃષ્ણકુમારસિંહજી કહે, “નાનાભાઈ, અમે તો પાપી માણસો – શિકાર કરીને આવતા હોઈએ, આમાં અમારાથી ન બેસાય.” ત્યારે નાનાભાઈનાં સાચાં દર્શન મનથી થતાં કે કેટલા સમર્થ રજવાડાના રાજા –મહારાજા નાનાભાઈના આશીર્વાદ લેવા આવે.

સંસ્થામાં સમારંભ હોય તો નાના કે મોટા , ગમે તે હોય , એક જ સાથે જમવાનું. એક વખત પટણીસાહેબ આવેલા. તો તેમને પણ જમતી વખતે બધાંની જેમ માટીના શકોરામાં દાળ પીરસાઈ. જે ધાતુના વાસણમાં જમનાર તે નાનાભાઈના સમારંભમાં ધાતુના તો નહીં પણ બધાની સાથે માટીના શકોરામાં જમે. તે જ જીવનનું ઘડતર.

તે અરસામાં ધોળા ગામે ખાંડનું કારખાનું ભાવનગર સ્ટેટે કર્યું. તેમાં શેરડી જોઈએ . ખેડૂતોને કારખાને શેરડી દેવી પોસાય નહીં. તેથી ખેડૂતો શેરડી ન કરે ને કારખાનું બંધ રહે. તેથી નહેરવાળા સુરકા ગામની જમીન રાજ્યે લઈ લીધી ને રાજ્ય શેરડી ચોપશે તેમ નક્કી થયું. ખેડૂતો ફરિયાદે આવ્યા. નાનાભાઈને કહે “અમારી જમીન રાજ્યે લઈ લીધી છે . તમે કંઈક કરો.” નાનાભાઈએ રાજ્ય સામે સત્યાગ્રહ કરવાનુ કહ્યું તો રાજ્યનું નાનાભાઈ પર દબાણ આવ્યું. નાનાભાઈને કહે કે, નાનાભાઈ, તમે આમાં પડશો તો તમોને રાજ્ય બિનશરતી મદદ રૂા. ૫૦૦૦ આપે છે તે બંધ કરીશું. તો તમે શું કરશો?” તો નાનાભાઈ કહે કે, “સાવ નવરા થઈએ તો તમારાં મૂળિયાં ખોદીશું પણ અન્યાય સામે નમતું નહીં આપીએ.” આ જ અમારું તે વખતનું જીવન ઘડતર હતું.

તે વખતે અમે ઉદ્યોગમાં બાગાયત કરતા. ફળઝાડને રોઝ ખાઈ જતાં એટલે મનુભાઈએ યોજના કરી કે એક નર્સરી બનાવીએ ને ફરતી વંડી કરીએ તો રોઝ ન ખાઈ જાય. મનુભાઈ ને બધા વિદ્યાર્થી રોજ ઉદ્યોગમાં ગારો બનાવી વંડી કરતા . ઘણો વખત વંડી બનાવી. વરસાદ આવવાનો થયો ને ખૂબ મહેનત કરી. વંડીને છાજું પણ દીધું ને સૌને નિરાંતે થઈ કે હાશ , હવે આપણા બગીચાને કોઈ રંજાડી નહીં શકે. ને રાત્રે નિરાંતે સૂતા , ત્યાં રાતનો એવો જોરદાર વરસાદ આવ્યો ને સવાર થઈ ત્યાં બધી વંડી પડી ગઈ. સવારમાં બધા નિરાશ થઈને ઊભા હતા ત્યાં નાનાભાઈ આવ્યા ને બધાને હિંમત આપતાં બોલ્યા કે મૂંઝાવ છો શું ? ભલે વંડી પડી ગઈ. હું તમોને બેલાંની વંડી બનાવી દઈશ. પછી તો બેલાંની વંડી શરૂ કરેલ. પૂરી તો ન થઈ પણ મને લાગે છે કે હજુ તે અવશેષો પડ્યા છે.

અભ્યાસ વખતે ઉંમર તો નાની ને તે વખતે મારાં લગ્ન આવ્યાં. મનુભાઈ ને વિજયાબહેન મારે ત્યાં ગયાં ને ઘરનાંને સમજાવ્યાં કે આટલી નાની ઉંમરમાં લગ્ન ન કરાય. ૨૫ વર્ષ પછી જ લગ્ન કરાય. પણ મારાં બા–બાપુ કહે, “મનુભાઈ, અમારે તો લગ્નની વિધિ કરવાની હોય , ઘર સંસાર તો ૨૫ વર્ષ પછી શરૂ થાય.” ત્યારે મનુભાઈ વિજયાબહેન માન્યાં. વળી કહે કે લગ્નમાં પહેરવાની તો ખાદી જ. આમ તો ખાદી જ પહેરતો. એ મક્કમ રાખેલું કે ખાદી પહેરીને જ લગ્ન કરવાં. ખાદીની ચોરણી , બદામી બંડી. આવા સાદા પહેરવેશમાં લગ્નમાં ગયો. બીજા વરરાજા તો રજવાડી પોશાકમાં ને મારો પોશાક ખાદીનો. ઘણી ટીકા થઈ , પણ મેં તો હિંમતપૂર્વક બધાથી જુદા પડીને પ્રસંગ પતાવ્યો.

ત્રણ વર્ષનો લોકશાળાનો અભ્યાસ પૂરો થયો ને આગળ ભણવાથી કાંઈ સગવડ ન હતી , તેમ જ આવડત પણ ન હતી, તેથી ઘેર ગયો. ગામલોકો ઘરે ટીકા કરે કે, કાં છોકરાને વટલાવ્યો ને ! હવે ખેતી પણ નહિ આવડે ને કાલ વહુને તેડવી પડશે, તે શું ખવરાવશે ? આ મેણાંટોણાં મારાં બા અને બાપુજી સહન કરે. હવે આ બધાનો સામનો મારે કરવાનો હતો. ખેતીમાં છૂટું કામ ફાવે પણ બળદનું કામ ન ફાવે , તેથી મોટાભાઈને પણ લાગતું કે આ હવે શું કરશે ?

સંસ્થામાં પીંજતા શીખેલો. તે વખતે ગામડામાં મોટા રેંટિયા ચલાવે ને બધાં ઘરે કાપડ માટે, રાશ – દોરડા માટે કાંતતા. મેં પીંજવાનું શરૂ કર્યું. બીજા પીંજરા કરતાં સારું પીંજવું ને નીતિપૂર્વક કામ કરી દેવું તે સંસ્થામાં શીખેલો એટલે ઘેર ઘેર પીંજવા નીકળું. આખો શિયાળો પીંજ્યું મારા પીંજવાથી બધાં બૈરાંઓને બહુ સંતોષ થયો. મને પીંજારો કહેતા ને આસપાસના ચાર –પાંચ ગામમાં પીંજવા નીકળતો. તે વખતે દાડી બે આના ને આકરી દાડી ચાર આના હતી. પીંજવામાં અઢી રૂપિયા મળતા. સાંજે એક મણ પીંજી નાખું. ખાવાપીવાનું પીંજારાને સારું આપવું પડે , કારણ કે રૂમાં જણ ઊડે તેથી ક્ષયરોગ થાય તેવી માન્યતા . તેથી

ખોરાક સારો આપવો તેવી સમજણ. એટલે મને રોજ સવારમાં છૂટું ચૂરમું સારી રીતે ઘી પીએ તેવું પોલ જેવું – ખવરાવે. રોજ સવારે વહેલા ઊઠી રૂનો ડોળ બનાવું. બૈરાંઓ વાસીદું–પાણી કરી, ચૂરમું તૈયાર કરી જમવા બોલાવે. જેને સારું ચૂરમું – પોલ જેવું – હોય તેનો પોલ આખો દિવસ સારો થાય , ને જેનું પાણીવાળું , ગાંઠોવાળું ચૂરમું હોય તેનો પોલ ગાંઠોવાળો આવે એવી માન્યતા. તેથી ખૂબ સારી રીતે જમાડે. મારા પોલ બહુ સારા થતા. હું ત્રણ–ચાર માસ પીંજું તેમાં બહુ સારી ૨૫૦ રૂપિયા જેવી મજૂરી મળતી. ઉનાળામાં ખેતીનું કામ કરતો. ડુંગરમાં ઘાસ વાઢવા પણ જતો. તેથી ગામના લોકોને તો બહુ નવાઈ લાગી કે આ તો માળો શું કરવા માંડ્યો. આમ તો સાથી આખું વરસ રહે ત્યારે ૫૦ રૂપિયા મળતા એટલે બીજાને ઘણી નવાઈ લાગતી.

એક વખત યાદ છે કે સંસ્થામાં પીંજવાનો વારો આવ્યો ને હું પીંજવા ગયો. નાનાભાઈએ બોલાવ્યો. “શું તમારો રિવાજ ?” મેં વાત કરી કે, “આમ જમવાનું ને મારે પીંજી આપવાનું.” નાનાભાઈએ કાશીરામદાદા રસોઈયાને બોલાવ્યા ને વાત કરી કે ગોવિંદભાઈને આજે ચૂરમું કરીને જમાડજો. મેં તો ઘણા સંકોચથી વાત કરી કે, “નાનાભાઈ અહીં આવું ન હોય. હું તો અહીંથી શીખ્યો ને મફત ભણ્યો. મારે તો સંસ્થાનું ઋણ અદા કરવાનું છે.” છતાં નાનાભાઈ ન માન્યા ને ચૂરમું ખવડાવ્યું. આ જ જીવન ઘડતર છે. તે વખતે નાનાભાઈ આટલા સમર્થ છે તેની પરખ તો ક્યાંથી હોય ? એમ બે–ત્રણ વરસ ઘરે કામ કર્યું. ગામમાં છાપ સારી પડી ને મેણાં–ટોણાં થોડાં ઓછાં થયાં.

## ખેતીને ખોટમાંથી બચાવી; મણારની ખેતી સંભાળી

તે અરસામાં આંબલાની સંસ્થાની ખેતી ઘણી ખોટમાં ચાલતી. ઘણી મહેનત છતાં સરભર તો નહીં પણ દાનની રકમ ખેતીમાં ઘણી ખરચાતી. નાનાભાઈએ મનુભાઈને વાત કરી કે હવે ખેતી ખોટમાં ચાલે તે ન પોસાય. આપણે કોઈકને ભાગમાં ખેતી દઈ દઈએ. મનુભાઈને તે કદાચ ગળે ન ઊતર્યું. ને મને બોલાવ્યો કે, તું ઘરની ખેતી કરે છે તો તું અહીં આવ. તારે ઘરે તો જમીન ઓછી ને કામ કરનાર તારા ભાઈઓ છે. તું અહીં આવ તો સારું. હું એક દિવસ સંસ્થામાં ગયો. નાનાભાઈ પાસે મનુભાઈએ મને બેસાડ્યો ને વાત શરૂ કરી કે, "નાનાભાઈ, આપણે ગોવિંદને રાખીએ, તે ઘરનું ખેતીનું કામ કરે છે; એક વરસ ભાગવું ન દઈએ ને જોઈએ.' તો નાનાભાઈ કહે. 'મનુભાઈ, હરિભાઈને રાખ્યા , વીરજીભાઈને રાખ્યા , રામજીભાઈ મારડવાળા ખેડૂતને રાખ્યા ને ગોરધન ભગતને પણ રાખ્યા તોયે ખોટ ગઈ , હવે કેટલાક વરસ પ્રયોગ કરવા છે ?' હું તો સાંભળીને થીજી ગયો. પણ મનુભાઈની લાગણીને નાનાભાઈ નકારી ન શક્યા. ને મેં ખેતીની વ્યવસ્થા શરૂ કરી. સાથી તો મારા દાદા જેવડા. તેમની પાસેથી કામ લેવું મુશ્કેલ. હું ગામનો તો ખરો ને ? ઉંમર પણ નાની, તેથી મુશ્કેલી તો બહુ પડી , પણ થોડી જાત મહેનત , સાથી પાસેથી જાતે કામ કરી બતાવી કામ કરવવાની પદ્ધતિ તેમને અનુરૂપ કરી , થોડા પાકના ફેરફારો , આવું કાંઈક કરીને ખેતીમાં નફો તો ન થયો પણ ખોટ ન ગઈ. નાનાભાઈ વર્ષને અંતે વાડીએ આવ્યા. હું થોડો દૂર કાંઈ કામ કરતો હતો ત્યાં તાળી પડી. મેં સામું જોયું ને નાનાભાઈ પાસે ગયો. ખેતીમાં આંટો માર્યો. પછી બોલ્યા , "ગોવિંદભાઈ, તમે એક વરસમાં મારાં વેણ મારા મોઢામાં પાછાં ખોશી ઘાલ્યાં." મને તો હજુ યાદ આવ્યા કરે છે કે ક્યાં નાનાભાઈ ને ક્યાં હું તે એકરાર કરવાની ક્યાં જરૂર હતી ?

આંબલાની ખેતી ટૂંકી ને વહીવટ વધતો ગયો. સંસ્થા ચલાવવા કાયમ ક્યાં દાન ભેગાં કરવાં જવું ? મનુભાઈ તો દાન લેવા જવામાં ન માનતા. સંસ્થાએ વધારે આવક મેળવવા જમીન ક્યાંક લેવી તેમ વિચારી મણારમાં ૧૯૫૦માં જમીન લીધી ત્યારે વરિયાભાઈ, મનુભાઈ દવે ને દયાળભાઈ મણારમાં આવેલ. એકાદ વર્ષ તેમણે કામ કર્યું , ને કાંઈક મનદુઃખ થયું એટલે તેઓ મણાર રહેવા માગતા ન હતા. હું આંબલાની ખેતીમાં કામ કરતો. ચારેક વર્ષ કામ કર્યું હશે. ને નાનાભાઈને વિચાર આવ્યો હશે કે મણારના કામ માટે ગોવિંદને મોકલીએ.

હું સંસ્થામાં સવારમાં ગયો ત્યારે નાનાભાઈ , મનુભાઈ ચોકમાં આંટા મારતા હતા. મને ચાલતાં ચાલતાં બોલાવ્યો. હું સાથે ચાલવા માંડ્યો. ને વાત કરી કે , તમે મણારની ખેતી સંભાળો. મને તો નવાઈ લાગી કે મણારનું મોટું કેન્દ્ર, સાથી મારા કરતાં ઉંમરમાં ઘણા મોટા હોય. મેં તો ના કહી કે , મારું ગજું નહીં.

આંબલા તો આપની નજર નીચે કામ કરવાનું. રોજ મળીએ. મણાર તો ઘણું દૂર ને જમીન ઘણી, સાવ નથી. જમીન, કૂવા–પાળા બધું નવેસરથી કરવાનું. હિસાબ પણ ન આવડે. આનાકાની કરી પણ નાનાભાઈએ મને જવાબ આપ્યો તે યાદ છે કે, “બેના કરતાં ભલે એક ડૂંડું આવે , પણ તું ત્યાં જા; અમારે તે માન્ય છે.” પછી તો એકાદ બે વખત બોલાવ્યો. મણાર જાડી મોટી વસ્તી. ખૂની માણસો. મારાં બાને પણ ન રુચ્યું. તે ના કહેતાં હતાં પણ અંતે પાંચ વરસની શરતે મણાર આવ્યો ૧૯૫૧માં. આજે ૧૯૮૩ ચાલે છે ને હજુ તે પાંચ વર્ષ પૂરાં થયાં નથી !

હું મણાર આવ્યો ત્યારે અગાઉ વરિયાભાઈ કે દયાળભાઈએ બહુ તનતોડ કામ કરેલ. આ કામ મારાથી થશે કે કેમ તે ચિંતા થતી. આવડત તેના જેટલી તો ન હોય , કામ કરવાની પણ શક્તિ ન હતી. મનથી ચિંતા થતી કે શું થશે? પણ મનથી મક્કમ કે કામ કરી બતાવવું છે જ.

મણાર નવું નવું કેન્દ્ર. નવાં કામ ચાલે. કૂવા ગાળવા , પાળા બાંધવા, પ્લૉટો સરખા લેવલ કરવા , હિસાબ રાખવો વગેરે. મજૂરો પણ ઘણાં કરવાં પડે. હિસાબ કોઈ દિવસ લખેલ નહીં પણ કોણી મારી ફૂલડું કરીશું તેમ હિંમત રાખી હિસાબ પણ રાખવાનો શરૂ કર્યો.

એક સાથી ખીમજી રમૂજી હતો. તે જુવાન પણ ખરો. હું ખળામાં રાત–દિવસ હોઉં એટલે તે પણ ઘેર ન જઈ શકતો. તે સોંસિયા ગામનો એટલે તેના ઘેરથી ત્રણ ટંકનું ભાત આવતું. ખળામાં ઘણા દિવસો આમ વીત્યા. એક દિવસ ખીમજી કહે. “ભાઈ , હું આજ ઘેર જઈ આવું ?” મેં કહ્યું, “કેમ ?” તો કહે, “તમારી સાથે ઘણા વખતથી અહીં જ છું, ને ઘરવાળાંને કદાચ વે’મ પડે કે તે હશે કે કેમ. ને તે વે ’મમાં ચૂડલો ભાંગી ન નાખે એટલે કહી આવું !”

હું મણાર આવ્યો ત્યારે સંસ્થાએ ૧૭૫ વીઘા જેટલી જમીન મૂળ ગરાસદારો પાસેથી લીધેલી. ત્યારે નવાણું વર્ષના પટે જમીન રાખેલ. પછી તો સૌરાષ્ટ્ર સરકારનો વહીવટ આવેલ એટલે ગરાસદારોને વેચાણ અધિકાર પણ મળ્યો. આપણે ૧૯૫૦માં જમીન લીધી ત્યારે મૂળ ગરાસદારોને જમીન વેચવાનો અધિકાર ન હતો. ને સૌરાષ્ટ્ર સરકાર આવ્યા પછી ગણોતધારો આવ્યો કે ત્રણ વર્ષ સુધી કોઈ ગણોતિયો વાવે તો તે ગણિતિયાને ગણોતધારો લાગે ને જમીનનો માલિક થઈ જાય. આપણે તો નવ્વાણું વર્ષનો પટો. આપણો તો માલિકી હક થઈ જાય. ને તે વખતે ગણોતધારા મુજબ આપણે હકદાર પણ થઈ ગયેલ.

## ગણોતધારો ન અપનાવીને ગરાસદારોને સાથે રાખ્યા !

પણ નાનાભાઈએ ગણોતિયા હક ન લગાડતાં બધા ગરાસદારોને ભેગા કરી , વાત કરી કે અમે હવે ગણોતિયા ફોર્મ ભરીએ તો અમને તો છ પટમાં જમીન મળી જાય. અધિકારીઓ પણ તેમ જ કહેતા કે , 'નાનાભાઈ, તમોને ગણોતિયા હક મળી ગયો છે. તો છ પટ ભરી દ્યો.' નાનાભાઈ કહે, 'મારે કાયદો કહે તેમ નથી કરવું. મારે તો નીતિ મુજબ ચાલવાનું છે. કાયદો ગમે તે કહે , પણ મેં તો નવ્વાણું વરસે પાછું આપવાનું છે તેમ કહીને રાખેલ; છતાં દરબારો કહે તો છ પટ ભરું, તેને છ પટ મુજબ ૨૦ વર્ષ વળતર મળે ને ઉપરાંત તે માગે તે મુજબ વેચાણ કરી આપે , એટલે તેને રોકડી રકમ આપું. આમ નાનાભાઈએ સમાજ સામે નવો જ દાખલો બેસાડ્યો. છ પટ ઉપરાંત ૧૬૦૦૦ રૂ . રોકડા દરબારોને આપ્યા. ત્યારે દરબારો , અધિકારીઓ ને સમાજ મોઢામાં આંગળાં નાખી ગયા કે આનું નામ નીતિ. અમુક દરબારોએ આપણને જમીન આપી તથા અમુકે ન આપી. બધા નંબરો વચ્ચે દરબાર ખરા. તે ખાસ ખેતી ન કરે. નબળાં–પાતળાં ખૂંટિયા રાખે ને થોડાં ઢોર તે છૂટાં ચારતા જાય. તેમાં આપણને પણ નુકસાન કરતા. પહેલાં વરિયાભાઈએ ધાક બેસાડેલ તેથી આપણને ભાળતાં નુકસાન ન કરે. પણ આપણા વચ્ચે આવે ત્યારે ચારતા જાય , કાંઈ હાથ પડે તો ઉપાડતા જાય. એમ આપણને મુશ્કેલી કર્યા કરતા . ને ઘણાં કુટુંબો વચ્ચે તેથી મુશ્કેલી ઊભી થયા કરે.

આપણે આપણા નંબરોમાં પાળા બાંધવા કે ગટરો કરવા જઈએ તો તેના નંબરો આડા આવે એટલે કામ સરખું થઈ શકતું નહીં. એક નંબરમાં ત્રણ ભાઈ હોય તો બે છેડાના ભાઈઓએ આપણને વેચાણ આપ્યું હોય. વચ્ચેના એક ભાઈએ ન વેચ્યું હોય તેથી મુશ્કેલી ઊભી થતી. નાનાભાઈ મનુભાઈને પૂછીને આવા નંબરો રાખતા. તે દિવસે રૂપિયા ૪૦ –૫૦માં વીઘો મળતો. ઘણાનાં રખાઈ ગયાં. સમાજમાં બધા લોકો એ કાયદાનો આશરો લઈને જમીન માલિક પણ થઈ ગયા છે.

નવી ખેતી એટલે ખર્ચ ઘણું આવે. ઊપજ ખાસ ન આવે. સંસ્થા પાસે રકમ હતી તે ખરચાઈ ગઈ. રચનાત્મક સમિતિ પાસેથી લોન લીધી હશે તે પણ વપરાઈ ગઈ. ખર્ચ ચાલુ રહ્યા. આવક આવે નહીં. એટલે નવી જમીન રાખવા ના લખી. મને મુશ્કેલી પડતી હતી કે વચ્ચે વચ્ચે દરબારો , રાત – દિવસ તેની ચોકી ન કરાય માટે આપણે એકલઠી જમીન કરી લઈએ. ને ત્યારે જમીનની કિંમત પણ મામૂલી. એક વીઘે પાંચ મણ શીંગ થતી. શીંગના ભાવ ૬થી ૭ રૂપિયા આવતા. ૪૫ રૂપિયા વીઘો મળે ને એક વરસની શીંગની ઊપજમાં જમીન કાયમી થાય તેવું સમજાવતો ને વ્યવસ્થા ખર્ચ નવું નહીં થાય તેવું સમજાવીને ઘણા નંબરો લેવાયા તેટલા એકલઠા કર્યા. વચ્ચે મુશ્કેલી આવી તેમાં કુબેરભાઈને વચ્ચે નાખી બધા જ નંબરો લઈ ,

જમીન એક શેઢે કરી. પછી તો આપણને પણ ખ્યાલ આવ્યો કે જે થયું તે સારું થયું. વચ્ચે એક દરબાર રહી ગયેલ તેમણે તો બહુ ગરજ વરતી ને પછી આપણે તે જમીન લેવામાં બહુ મહેનત કરવી પડી. તેને મકાન બંધાવી આપ્યાં. રોકડ રકમ આપી ત્યારે તે નંબર મળેલા.

આ બધું સરખું કરવામાં બહુ મહેનત પડેલી. સાથીદારો પણ સારા મળ્યા. ગોરધનભાઈ , હીરાભાઈ વગેરે દિવસ–રાત જોયા વિના કામ કરતા. સંસ્થા કોઈ એક હાથે નથી ચાલતી. જેમ માંડવાને બધા થાંભલા મજબૂત હોય તો માંડવો ઊભો રહે તેમ બધા સાથીદારો સારા તેમ સંસ્થાનો વિકાસ સારો. એટલે આ ભગીરથ કામ સારા સાથી હોય તો જ થાય છે.

ઘણા લોકો તે વખતે કહેતા કે આ ખેતી શું કરતા હતા ? ને આપણે રાખી તે જમીન ખરાબાની હતી. આપણને આપતી વખતે તેઓ માનતા કે જમીન આપો ને, આ લોકો પાંચ વર્ષે ચાલ્યા જશે, પછી જમીન તો આપણી જ રહેવાની છે ને પૈસા તો ક્યાં પાછા આપવાના છે ! પણ પછી તો ગટરો થઈ, સરખા પ્લોટો થયા ને અમારી મહેનત જોઈ ત્યારે ખ્યાલ આવ્યો કે આ લોકો તો ભારે જાદુગર નીકળ્યા ! કેટલાય ખેડૂતો વહી ગયા પણ આ તો નહીં જાય.

પૂ. નાનાભાઈનો સમાજ માટે આટલો મોટો ત્યાગ જોઈ રામજીબાપાને સંસ્થાઓમાં સેવાભાવે કામ કરવા પ્રેરણા થઈ. મનુભાઈ કે નાનાભાઈને વાતો કરેલ કે "હું બિલકુલ અભણ છું. અક્ષરજ્ઞાન નથી , પણ હું મારી રીતે સંસ્થામાં ઉપયોગી થાઉં તેવું કામ આપો." તે અરસામાં મણારનું કેન્દ્ર શરૂ થયેલ. નવાં કામો પણ ઘણાં કરવાનાં બાકી હતાં. ત્યારે મનુભાઈએ મને વાત કરી કે , "રામજીબાપા એક ખેડૂત છે. તેમની ખેતી તેમના દીકરા સંભાળે છે, આપણને મદદરૂપ થવા તે આપણે ત્યાં ભાવનાથી આવે છે તો તારો વિચાર હોય તો મણાર મૂકું, નહિતર સણોસરા પણ કામ છે," મને અગાઉ થોડો ખ્યાલ હતો કે ગોંડલની ખેતી સુધરેલી ને પ્રયોગની રીતે ત્યાં ખેતીના પ્રયોગો પણ તે ખેડૂતોએ કરેલા. ત્યાંની ચાસની રીત સારી , ચાસે ખાતર ભરવાનું. હું તેમની ખેતી જોવા પણ ગયેલો, તેથી તુરત હા કહી ને રામજીબાપા આવ્યા.

## રામજીબાપાની આજીવન સેવા !

એમણે ખેતીનું અનુભવ સાથેનું માર્ગદર્શન આપ્યું. તેમાં પણ મારું ઘણું જીવન થયું. જે આપણે ન કરી શકીએ તે કામો રામજીબાપાએ ૬૦ વર્ષની ઉંમરે કરવાં શરૂ કર્યાં. એક ધારાં ૧૫ વર્ષ કામ કર્યું. કેવા પ્લૉટ કરવા ? કેટલા ઢાળનો પ્લૉટ ? ક્યાં પાળો ? ક્યાં ગટરો ? ટેકરા તોડીને નીચાણવાળા ભાગમાં નાખવા વગેરે કામો કર્યાં. ત્યારે મશીનરી ન હતી . ગાડાં ભરીને, મજૂરી કરીને લેવલિંગ કરવાનું હતું. કોઈ પણ પ્લૉટ ત્રાંસો ન થાય, સરખા ચાસ પડે – આવું ઝીણવટભર્યું આયોજન ભવિષ્યમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે તેમણે કર્યું. થોડું ખર્ચ ભલે વધે પણ થોડા વખત પહેલાં જ પાળા બાંધ્યા હોય તેને તોડી બરોબર લાઈન કરી સરખો પ્લૉટ કરાવે. અમને ખર્ચ કરવાનું ગળે ન ઊતરે તો નિરાંતે પાસે બેસાડી તેની યોજના સમજાવે ને ભવિષ્યમાં સંસ્થાને લાભ થશે તેવું ગળે ઉતરાવી કામ કરે.

નિરાંતે બેઠા હોઈએ ત્યારે તે મૌલિક ભાષામાં સમજાવે કે આ રામનું ખેતર છે. નાનાભાઈએ આખું જીવન આમાં ખરચી નાખ્યું. આ પછાતનાં છોકરાં કેળવવા આ સંસ્થા ઊભી કરી. તેના માટે તે કેટલા જાગૃત છે ? તેઓ દાન મેળવીને ઊભું કરવા બીજા પાસે જાય ત્યારે આપણે બીજું તો શું કરી શકવાના ? આપણે આપણી બુદ્ધિથી ખેતીની ઊપજ વધારો, જેથી નાનાભાઈને દાન લેવા ન જવું પડે ને નિરાંતે સમાજમાં કામ કરે, તેની શક્તિનો ઉપયોગ સમાજ કરી શકે. એ અરસામાં તેનો નાનો દીકરો મગન આંબલા ભણતો હતો. ત્યાં ટાઈફોઈડ થયેલ ને બીમારીમાં તે દેવ થઈ ગયો ત્યારે રામજીબાપા ત્યાં ગયેલ. એટલે ત્યાં રામજીબાપા પાસે કાર્યકરો અફસોસ કરવા લાગ્યા, ત્યારે રામજીબાપાએ શોક કરવાને બદલે કહ્યું કે, 'મારાં કરતાં તમોએ વધારે ચાકરી કરી છે. આપણે લેણું નહીં, તેમાં શો અફસોસ કરવો.' તેમણે સામેથી બધાને આશ્વાસન આપ્યું કે હું આટલી ચાકરી કરી શકત નહીં. કામ કરતાં કરતાં પણ ઘણા અનુભવો થયા. આપણે ૯૯ વર્ષના પટાવાળી જમીન છ પટ ભરીને વેચાણ હકની કરેલી. પણ વચ્ચે ૨૦ વર્ષના પટાવાળી ખારાના ખેતર નામે ઓળખાતી જમીન બાકી રહેલી. તે ખેતર ૩૦ વીઘા. તેમાં પાંચ ભાઈઓ. આપણને એક ભાઈએ છ વીઘા તે જમીન વેચાણે આપેલી. આપણે આખો નંબર રાખેલ તેમાં તે ભાઈઓએ નંબરની વહેંચણી કરેલ નહીં. આખો નંબર શેઢા વિનાનો રહે.

## મૂંઝવતા સવાલો વચ્ચે

**જમીનના ચાલાક ભાગીદારો** :

આપણે તે ટુકડામાં એક બાજુ કૂવો કર્યો. પાણી સારું થયું ને થોડાં ચીકુ પણ છ વીઘામાં ચોપ્યાં. આપણે એક ભાઈનો ભાગ વેચાણ રાખેલ છે તેથી વાંધો નહીં એમ ધારીને ખર્ચ કર્યું. આ કૂવામાં પાણી સારું થયું તેથી તેના નીચેના નંબરમાં પાણી લઈ જઈ આંબા પણ ચોપ્યા. જે ચીકુડી ચોપી તે ટુકડો સારો , બાકીનો ખારાનો નંબર બિલકુલ ખરાબો , એટલે કે ખારિયું , જેમાં વાવ્યું પણ ન ઊગે. આપણે ચારેક વર્ષ મહેનત કરી. મોલાતો લેવા બધા પ્રયત્નો કર્યા તેમાં નિષ્ફળ ગયા.

હવે તે ખારાના ભાગીદારો ચાર બાકી હતા. તેને પણ ખ્યાલ આવ્યો કે આ ભાગમાં કશું થશે નહીં. પછી મારી પાસે આવ્યા કે આ જમીન તમને વેચાતી આપી દેવી છે. એટલે મેં વાત કરી કે , તમોએ વીસ વરસ માંડી આપેલ ભાગ છે , વરસ પૂરાં થયે આવો. તમોને વીસ વરસની રકમ તો અમે આપી છે , હવે સંસ્થા પાસે રકમ પણ નથી. જે કાંઈ રકમ હતી તે ખરચાઈ ગઈ છે. તે સમયે સંસ્થાને આર્થિક ભીંસ પણ ખરી. જેટલી રકમ હતી તે વેચાણખતમાં, કૂવામાં, પાળામાં ખર્ચાઈ ગયેલ. ઉપજ ખાસ આવતી નહીં.

પેલા ચાલાક નીકળ્યા કે વીસ વર્ષે શુંય થશે , ને આ જમીન ખરાબો છે એટલે સંસ્થા ન રાખે તો બીજું કોઈ રાખવાનું નથી. એટલે મને તો ગળે પકડ્યો કે આ જમીન અમે ભાઈયું ભાગે વેંચેલ નથી. આખો નંબર એક છે. તેમાં તમોએ ટપુભાનો ભાગ વેચાણ રાખ્યો એનો અમને વાંધો નથી , તમે જ્યાં કૂવો કર્યો , ચીકૂ ચોપ્યાં તે ભાગ કાંઈ ટપુભાઈનો નથી. અમે તો પાને જમીન વહેંચીશું પછી તો તમને જ કાંઈ તે કૂવો આવશે તેની ખાત્રી છે ? અમારે હવે તમને કાંઈ કહેવું નથી. અમારાં વરસ પૂરાં થાશે ત્યારે પાનાં નાખીને પાંચેને જ્યાં ટુકડો આવશે ત્યાં કબજો લેવાનો.

હું તો મૂંઝાયો. તે વાત સાથી ટપુભાઈને પૂછી તો તેણે પણ કહ્યું કે મારો ભાગ ક્યા ખૂણે છે તે કેમ કહું ? પાને જ્યાં ભાગ આવે ત્યાં તમારે લેવાનો. છેવટે નાનાભાઈ પાસે ગયો. બધી વાત કરી , ને આખરી નિર્ણય થયો કે તે ચારે ભાગ અત્યારે વેચાણ આપે છે તો લઈ લ્યો. રૂ. ત્રીશનો વીઘો નામ પડ્યું ને વેચાણે આખો ખારો રાખ્યો. અત્યારે ચીકુ સિવાયનો બધો ભાગ પડતર છે. આપણે તો જાણતા હતા પણ ભવિષ્યમાં કૂવો જાય, ચીકુ જાય કે વચ્ચે બીજું કાંઈ આવે તે આપણને પાલવે તેમ ન હતું એટલે ઘણો વિચાર કરીને આ કરવું પડેલ.

કોઈને બદલામાં જમીન આપી , કોઈને તેની નજીક લઈ દીધી , કોઈને બજારુ કિંમત કરતાં થોડી વધારે રકમ આપી તો કોઈને મકાન બાંધી આપી તેના બદલામાં જમીન લીધી. આ પંદરેક વર્ષ ચાલ્યું. આપણે આપણી જમીનની જરૂરિયાતના બંધપાળા કર્યા હોય ને લાગુ નંબર રાખીએ તો વળી તે બંધપાળા તોડવા પડતા ને નવેસરથી ગટર, બંધપાળા કરવા પડતા. આપણું ગાંડપણ ગણી સમાજમાં ટીકા પણ થતી; પરંતુ આપણું જે લક્ષ્ય હતું તે સિદ્ધ કરવા બીજો કોઈ ઉપાય ન હતો.

પછી તો નહેર જે મણારીમાં મૂકી દેવાની વાત હતી તે નહેર લંબાણી. ભાવનગરને પાણી આપવા સુધી મુ. બલવંતભાઈએ ખૂબ મહેનત કરી. પ્લાન એસ્ટિમેટ ફર્યાં ને નહેર આપણા ખેતર પાસેથી જ નીકળી ને આપણું સ્વપ્ન સાકાર થયું.

**નાણાં ખોવાયાં કે શું ?!**

લેવડદેવડમાં પણ ઘણા કપરા અનુભવો થયા. શરૂ થતું કામ એટલે ખરીદી ઘણી મોટી. આવડી મોટી નાણાંકીય લેવડ –દેવડ તો ક્યાંથી કરી હોય ? હિસાબી જ્ઞાન પણ બહુ ઓછું. બને તેટલી ચોકસાઈ રાખતો. ભાવનગર ખરીદીમાં જતો તો ઘણી ખરીદી કરતો , પણ જેની પાસે જઈએ તે મને ઉંમરમાં નાનો જોઈ ભોળવવા પ્રયાસ કરતા. લાલચ પણ આપતા કે તમતમારે માલ નક્કી કરો તો બિલ તમે જેમ કહેશો તેમ કરી આપીશું. પણ પછી તો તેમને ખ્યાલ આવ્યો કે આને લાલચમાં નાખવાથી કાંઈ પતે તેમ નથી. મોટી ખરીદીમાં મોટી રકમ સાથે હોય તેથી ભય તો રહે જ.

એક વખત સાથે રૂ. ૫૦૦૦ હતા. સાંજે ચૂકવણું થયું નહીં ને નિરાંતે સલામત સ્થળે સૂઈ જવું તેવો વિચાર કરતો કરતો રસ્તે જતો હતો ત્યાં ત્રાપજવાળા જોરૂભાઈ સામા મળ્યા ને સાદ કર્યો , “પટેલ, કેમ ઉતાવળે ચાલ્યા જાઓ છો ? મેં વાત કરી કે “આજે જોખમ છે. ક્યાંક સલામત સ્થળે સૂઈ જઈએ.” તો તે કહે, “ભાઈ, હું તમને સલામત જગ્યાએ લઈ જઈશ; પણ આજે કે. લાલ જાદુગર જોવા જવું છે . અને આ જાદુગર બહુ વખણાય છે. હું સંમત થયો ને જાદુગર જોવા ગયા. પણ ટિકિટ ન મળે. તેણે તે વખતે કાળા બજારની ટિકિટ લીધી. બંનેની ટિકિટની રકમ તેમણે આપી. રાત્રે છૂટીને ખાર દરવાજા પાસે અત્યારે નવરંગ લોજ છે તે શારદા લોજ નામે ચાલતી ને તેના સંચાલક લાભુભાઈ હતા ત્યાં કોમન રૂમમાં સૂતા. મારી પાસે બગલથેલો. તેમાં એક જોડ કપડાં ને કપડાં વચ્ચે પાંચ હજારની રકમ. હું તો જોરૂભાઈએ કહ્યું કે આ સ્થળ સલામત છે એટલે ખાટલાને પાયે થેલો ટિંગાડીને સૂતો.

સવારમાં ઊઠી દાતણ –પાણી કરી નીચે હૉટલમાં ચા પીધી ને નોખા પડીએ તેમ ઊભા થયા. જોરૂભાઈ કહે, 'હું ચાની રકમ ચૂકવું.' આનાકાની તો કરી પણ તેમણે બુશકોટના ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. પણ તેમાં રકમ ન હતી. મેં કહ્યું, 'ભાઈ, કાળાબજારની ટિકિટ લીધી તો ક્યાંથી રકમ હોય , હું ચૂકવી આપું.' 'અરે ભાઈ તે તો ઠીક, પણ આ પાકીટમાં ૯૦૦ રૂપિયાની રકમ હતી. નવ નોટ હતી તે કોઈ રાત્રે કાઢી ગયો ને પાકીટ ખાલી પાછું ભરાવી આપ્યું. ' મને તો ધ્રાસકો પડ્યો કે મારી રકમનું શું થયું હશે ? હું તો ઉપર લોજમાં ગયો, થેલો ખોલ્યો તો રકમ તો હતી પણ છાતીના ધબકારા ઘણો ટાઈમ સુધી ન ઘટ્યા. પરસેવો પણ ખૂબ આવી ગયો. હોશકોશ ઊડી ગયા તે શાંત થતાં બહુ વાર લાગેલી.

સંસ્થાગત કામકાજે ઘણા વખત આંબલા –સણોસરા જવાનું થતું , તેમાં આ બાજુનો વિદ્યાર્થી ત્યાં અભ્યાસ કરતો એટલે તેનું કાંઈક સંપેતરું હતું. અત્યારે ભરતભાઈના ઘર પાસે જે છાત્રાલય છે ત્યાં પગથિયા પાસે બેસી તેનું સંપેતરું થેલામાંથી કાઢી આપ્યું. થેલામાં રફ કવરમાં રૂ. ૨૦૦૦ હતા. સો–સોની નોટોવાળું તે રફ કવર પગથિયા ઉપર રહી ગયું ને હું ત્યાં ઑફિસમાં ગયો. તે વખતે જયંતિભાઈ શેઠ હિસાબી વિભાગમાં હતા. મારે છૂટાની જરૂર. તેમની પાસે રૂ . ૧૦૦૦નું બંડલ, ૧૦ની નોટોનું લીધું ને સામે ૧૦૦૦ રૂ . આપવા ગયો ત્યાં કવર ન મળ્યું. બુચભાઈને વાત કરી કે આ છાત્રાલય પાસે થેલો ખોલતાં કવર આ પગથિયે પડ્યું રહ્યું હતું. અત્યારે નથી. ઘડિક તો દોડાદોડી દોડાદોડી કરી બધાને ભેગા કર્યા. ક્યાંય જવા ન દેવા ને એકી સાથે બેસાડ્યા. બધે શોધખોળ કરવા લાગ્યા. તેમાં એક વિદ્યાર્થી નાહી-ધોઈને આવ્યો , તેને વાતની ખબર પડી. તેણે કહ્યું , 'હા, કવર તો આ પગથિયે પડ્યું હતું , મને એમ કે કચરો છે. તેથી પગ મારીને મેં આ કચરાના ડબામાં નાખી દીધું છે. અમે કચરાનો ડબો જોયો તો તે રૂ. બે હજારનું કવર તેમાં પડ્યું હતું. તે લઈને શાંતિ અનુભવી.

મણારમાં સઘન યોજનાનું કામ શરૂ થયેલું ને જયવંતસિંહભાઈ નવા નવા કામે આવેલા. કામ વિકસાવવાની ધગશ બહુ ને નાણાકીય ભીંસ ખરી. એટલે જ્યારે કોઈ ખાસ રકમ ચૂકવવાની હોય ત્યારે માણસને મારી પાસે મોકલે, કે આ વણકરને રૂ. ૫૦૦ આપશો. એમ હું તેમના વતી રકમ ચૂકવતો. અમુક ભેગી થાય એટલે ત્યાં કાંઈ લોન કે ગ્રાંટ આવી હોય ત્યારે જે માણસ રકમ લઈ ગયા હોય તેની સહીવાળી ચિઠ્ઠીઓ લઈ જતો ને કુલ રકમ મને ચૂકવી આપે. આમ અમારો વહીવટ બે-ત્રણ વર્ષ ચાલ્યો હશે.

**રૂ. ૧૦૦૦નો દંડ થયો !**

સઘનમાં નવાં મકાન બંધાતાં હતાં ને અવારનવાર આમ રકમ મંગાવતા. હું તેને આપતો તે પ્રમાણે આપ્યા કરેલ. એક વખત રૂ. ૧૦૦૦નો આંકડો થયો ને તેને તે ચિઠ્ઠી આપી. જયવંતસિંહભાઈએ આ રકમ આપવા કહ્યું ને તે રકમ રોકડી નથી પણ ચેક આપીએ તેમ વાત કરી ચેક આપ્યો. આનું નામું મારા પાસે તો ન રહેતું એટલે પાછળથી કશો હિસાબ ન મળે. મને જે ચેક આપેલ તે મારા ખાતે લખીને આપ્યો. પેલી ચિઠ્ઠી કોના નામની હતી, કોને રકમ આપેલ તે મારે યાદ રાખવાનું કોઈ કારણ ન રહેતું. બે–એક વર્ષ ગયાં હશે ને મારા માથે ઉઘરાણી આવી કે ગોવિંદભાઈ રૂ. ૧૦૦૦નો ચેક લઈ ગયા છે , તે બાકી બોલે છે. મેં મારી વાત કરી કે અમારે કાંઈ રકમની ખેંચ નથી, કે તમારા પાસે લેવા આવવું પડે. તો કહ્યું કે રકમ કોને આપી છે તેમ કહો તો તેને ખાતે ઉધારીએ. આ પ્રશ્ન મનુભાઈ પાસે ગયો. કોઈ તોડ ન આવ્યો. મનુભાઈએ દવેકાકાને લવાદ નીમ્યા. ચોપડા તપાસે પણ આધાર ક્યાંથી મળે ? ને સઘનમાંથી મેં ચેક લીધો તેની સહીના આધારે કાકાએ આ રકમ ગોવિંદભાઈએ ભરવી તેવો નિર્ણય આપ્યો. મેં મારો બચાવ તો ઘણો કર્યો કે જયવંતસિંહભાઈ કહે કે આ રકમ હું મારા ઉપયોગ માટે લઈ ગયો છું તેમ તો ન કહે , કે કોઈ પણ સઘનના કામ માટે આપેલ રકમની સામે ચેક આપ્યો છે ; પણ કોની ચિઠ્ઠીના આધારે અપાઈ છે તે મારા પાસે નહીં. ત્યારે મકાન બંધાતાં હતાં. તેના કોન્ટ્રાક્ટર પરમાણંદદાસની ડાયરી જોઈ. તેમાં સઘનમાંથી જે રકમ આપી તેના કરતા પરમાણંદદાસે રૂા. ૧૦૦૦ વધારે જમા કરેલ. મને વાત કરી કે તમે કહો કે આ રકમ પરમાણંદદાસને આપી છે. મને યાદ નહીં ને કેમ કહેવું ? ભારે ધર્મસંકટ લાગ્યું. કાકાના નિર્ણય મુજબ મારે રકમ ભરવી તેવું નક્કી થયું. ને એ વાતનું હજુ દુઃખ છે કે ચોર દંડાતો નથી , શાહુકાર જ દંડાય છે. આટલા વહીવટમાં આ ભૂલનો ભોગ હું બન્યો.

## બાંધકામ ક્ષેત્ર પણ અપનાવ્યું !

છએક વર્ષે ખેતી વ્યવસ્થિત કરી. થોડી આવક પણ શરૂ થઈ. અહીંની ઊપજની રકમ આંબલા મોકલવાનું નક્કી કર્યું જેથી પૂ. નાનાભાઈને દાન માટે બહાર ન જવું પડે. અહીંના સ્થાનિક માણસોને પાંચેક વર્ષમાં સારો સંબંધ બંધાયેલો. નવી ખેતીની શરૂઆત, તેથી તે લોકો ઘરનાં ભાતાં બાંધીને સાંતી ચલાવવા આવતા, તેમ જ ગમે ત્યારે કામ પડે તો ખડે પગે ઊભા રહેતા. આપણે પણ પાંચ વર્ષમાં તેમની ખેતી સુધારણાનું ઘણું કામ કરેલ. રાસાયણિક ખાતર, સુધારેલ બિયારણ, પાકનું અંતર – આ બધા માટે માર્ગદર્શન પણ આપતા. ફળઝાડની ખેતી આ બાજુ બિલકુલ નહીં. તેથી તેના માટે પણ પ્રેરણા આપી. ચીકુ , કલમી આંબા, નાળિયેરી વગેરે ઝાડ પણ ઘણાં આપેલ એટલે સંસ્થા સાથેના સંબંધો ગાઢ બન્યા. પછી તો તે લોકો પણ પૂ. નાનાભાઈને કહેવા લાગ્યા કે અહીંની ઊપજમાંથી આંબલા લોકશાળા ચાલે છે તેના બદલે અહીં લોકશાળા શરૂ કરો તો અમારા સાવ પછાત પંથકને કંઈક લાભ થાય. તે સમયે દિલ્હીથી કેળવણી અધિકારીશ્રી ડૉ. ભાણ સણોસરા આવેલા . તેઓ કેળવણી માટે ઘણી રકમ વાપરવા ઇચ્છતા હતા પણ તેનું કોઈ ક્ષેત્ર નક્કી ન હતું. પૂ. નાનાભાઈએ મણાર લોકશાળાની દરખાસ્ત મૂકી. તેમણે એક લાખ રૂપિયા ૬૦ ટકાના ધોરણે મંજૂર કર્યા. તે માટે અમૂક રકમ રાજ્ય સરકાર આપે ને બાકીના પંદર હજારનો સવાલ હતો. તે રકમ બાબત મણારના કુબેરભાઈના સહકારથી ફાળો શરૂ કરાયો ને બધા લોકોએ હોંશથી ૧૦થી ૧૨ હજારનો ફાળો આપ્યો. મુદતબંધી ગ્રાન્ટ હોવાથી મકાનો ઝડપથી બાંધવાનાં હતાં. દસ માસની મુદતમાં મકાનો પૂરાં કરવાં પડે તેમ હતું. તે સમયે કુંડલા બાંધકામ સહકારી મંડળીનું સંચાલન લલ્લુભાઈ શેઠ કરતા હતા. તેમને કામ અપાયું. તેના મિસ્ત્રી લાલજીભાઈ ઓછા શિક્ષિત પણ બાંધકામના વધુ નિષ્ણાત. કામ શરૂ થયું. મને પણ મકાન બાંધકામનો બિલકુલ અનુભવ નહીં. શું પાયો, શું પ્લીંથ, સુપર સ્ટ્રક્ચર, બારીનો જૂડ, લિન્ટલ વગેરેની કંઈ જ ખબર નહીં.

તે વખતે અત્યારે મકાન છે ત્યાં ધાર હતી. ધારની બાજુમાં નાનું એવું બળદછપ્પર. મનુભાઈને થયું કે આ ટેકરી પર મકાન બાંધીએ. તેથી તેનો પ્લાન મોકલ્યો. લાલજીભાઈ મિસ્ત્રીએ કહ્યું કે આ ટેકરી કાપીને મકાન બાંધવાં ખર્ચાળ થશે. તેના કરતાં નીચે સપાટ જમીન લઈએ તો સારી જગા મળે. મનુભાઈને વાત કરી પણ મનુભાઈનો આગ્રહ એવો કે ટેકરી પર જ સ્ટેપ પાડીને મકાન કરવાં. એટલે બીજો કોઈ ઉપાય ન હતો. હું ને લાલજીભાઈ આ મકાન કેમ ગોઠવવાં ? કેમ કાટખૂણો મળે ? કેવી લાઈનો થાય ? વગેરે ઘડભાંજમાં બે દિવસ સુધી દોરીઓ ખેંચી, ખીલીઓ નાખી ને ફરીથી તેમ કર્યા કર્યું. મનથી થતું કે મનુભાઈને આ શું સૂઝયું કે આ ટેકરીનો આગ્રહ રાખે છે ?

માંડ માંડ મકાનોની ગોઠવણ થઈ. સ્ટેપ પાડવામાં એક મકાન ઓછું થશે ને એટલું વધુ ખર્ચ ટેકરી કાપવામાં થશે તેવી મનુભાઈ પાસે રજૂઆત થઈ. છેવટે એક મકાન ભલે ન થાય પણ ટેકરી પર જ મકાન કરવાનો નિર્ણય થયો. બાંધકામ શરૂ થયું. મકાનની ગોઠવણીમાં થોડી ભૂલો છે તે મકાન તૈયાર થયા પછી ખ્યાલ આવ્યો.

લાલજીભાઈ મિસ્ત્રીની સૂઝ–આવડતથી મને પણ બાંધકામનો થોડો અનુભવ થયો. હું આંટા મારતો હોઉં ને લાલજીભાઈ બહારથી આવે ત્યારે સાથે ફરીએ. તેની નજર પડે ત્યાં કહી દેતા કે આ ખૂણો આઉટ છે , કાઢી નાખો. આ લેવલમાં ભૂલ છે, ફરીથી લ્યો. નજર નાખે ત્યાં એને ખ્યાલ આવી જતો ને માપે તો હકીકતે તેની નજરે નજર સાચી ઠરતી. મુદતે કામ પૂરું કરવાનું હોવાથી કડિયા, દાડિયાં, સુથાર, ખાણિયા વગેરે કુલ એકસો માણસો રાખેલા. દસ માસમાં કામ પૂરું થયું. કામ કરતાં કરતાં મને બાંધકામનો થોડો અનુભવ પણ થયો. વચ્ચે સણોસરાથી વલ્લભભાઈ આંટો આવી જતા ને માર્ગદર્શન આપતા.

મકાનો તૈયાર થયાં એટલે એન્જિનિયરનું સર્ટિફિકેટ મેળવવાનું હતું. માર્ચ આખરમાં બિલ પાસ કરવાનું હોવાથી તે વખતે પી.ડબલ્યુ.ડી.માં એન્જિનિયર તરીકે રાઠોડ સાહેબ હતા. તેમને લાવ્યા. તેમણે બધાં મકાનો જોયાં ને આ કામ દસ માસમાં પૂરું થયું છે તે જાણ્યું. તેમણે વાત કરી કે આમાં ક્યાં સર્ટિની જરૂર છે ? પછી કહે, "ગોવિંદભાઈ, મને તો લાગે છે કે તમે એન્જિનિયર છો. મને જો આ પ્લાન એસ્ટિમેટનું સોંપ્યું હોત તો એક વર્ષમાં પ્લાન એસ્ટિમેટ તૈયાર કરી આપત , ને ઉપરથી રૂ. ૫૦૦૦ લઈ જાત. તમે તો દસ માસમાં આ મકાન પૂરાં કર્યાં. આમાં તો તમે એન્જિનિયર છો. મારી રીતે તો મારા સર્ટિ.ની જરૂર નથી પણ વિધિ છે માટે કરી આપું છું"

## અભણ માણસની કોઠાસૂઝ !

આ બધાં કામો જોઈને પૂ. નાનાભાઈ જાહેર સભા કે બારશ જેવા પ્રસંગો હોય ત્યારે કામને બિરદાવતા કે જુઓ, મણારમાં તે ઝાઝું ભણેલ નથી ને આવડો મોટો વહીવટ સંભાળે છે. તેને હું ત્યાં મુખ્ય માણસ તરીકે નીમીશ. તમો ગ્રેજ્યુએટ, બી.એ. કે બી.એડ. ભલે હો પણ તેની નીચે કામ કરવું હોય તો જાવ. ને મને ભણેલા આટલું કામ કરી આપે તેવી શ્રદ્ધા નથી. આવું સાંભળી છાતી ગજ ગજ ફૂલતી ને મનમાં થતું કે ભલે અક્ષરજ્ઞાન નથી પણ કોઠાજ્ઞાન તો છે . તેવું દર્શન નાનાભાઈએ કરાવ્યું. કોઈ પણ મહેમાન આવે ત્યારે મનુભાઈ ઓળખાણ કરાવે કે, "જુઓ, આ અમારો ગોવિંદ. છ ચોપડી ભણ્યો છે ને મણારનું કેન્દ્ર તેની જવાબદારીએ ચલાવે છે. અમે ભણેલા આટલું કામ ન કરીએ તેવું આ લોકો કરી આપે છે."

તે વખતે લખવાની ટેવ ઓછી ને કાનામાતર તથા હ્રસ્વ ઇ –દીર્ઘ ઈ નો ખ્યાલ પણ નહીં. આંબલા બુચભાઈ સાથે મારે પત્રવ્યવહાર કરવાનો રહેતો. તેથી બુચભાઈએ તો મને ધરપત આપેલ કે ગોવિંદભાઈના પત્રમાં ભૂલ નહીં જોવાની. ભૂલથી સાચું લખાઈ ગયું છે અથવા ભૂલથી કેટલા શબ્દો સાચા લખ્યા છે તે જોવું.

હું એક જાતનું ગૌરવ અનુભવું છું કે આટલો મોટો વહીવટ પાર ઊતર્યો ! કેટલી ખરીદી ! કેટલું વેચાણ ! લોકશાળા શરૂ થયા પછી વહીવટ વધ્યો. એક સાથે ૨૫ કે ૫૦ હજારની ખરીદી હોય કે લાખ રૂપિયાની શિંગ વેચવાની હોય. ચાલુ ખર્ચ પણ ઘણો મોટો ! કૂવા ગાળવા, બંધાવવા, પાળા બાંધવા, મકાનો બાંધવાં વગેરે. આપણને થડકારો થાય કે આમાં કેટલું ખર્ચ કરવું . હું આર્થિક રીતે બહુ નબળા એવા કુટુંબમાંથી આવેલો ને આવડો મોટો વહીવટ. પરંતુ શરૂઆતનાં વર્ષોમાં કોઈએ પૂછ્યું પણ નથી કે તમો ક્યાં ખરચો છો ? ક્યો માલ વેચી નાખ્યો ? ત્યારે શું ભાવ હતો ? તમને શું ભાવ ઊપજ્યો ? આવડી મોટી ખરીદી કરી તો કેવો માલ આવ્યો ? છેતરાયા તો નથી ને ? આટલો મોટો વહીવટ મારા જ વિશ્વાસ પર આ જ સંસ્થા ને આ જ વડીલો છોડે ને મારા જીવનમાં મને તક આપે તેને હું મારું ધન્યભાગ્ય માનું છું. મારું ઘડતર આમાં જ થયું છે. મારા કુટુંબનો વારસો પણ એવો. મારાં બા કહેતાં કે ભાઈ , કોઈને ખોટા દુભવીશ મા, ને ખોટું કરીશ મા. ખાવાની ખોટ પડે તો ઘેરથી બે ગુણ દાણા લઈ જજે. તે દી' પગારો પણ બહુ ઓછા. હું મણાર આવ્યો ત્યારે ૬૦ રૂપિયા મળતા હતા. ઘેર નાણાંની ભીડ એટલે મહીનો પૂરો થાય ત્યાં તો અગાઉ મંગાવવા માંડે. પણ જાણે–અજાણે કદાચ ભૂલ થઈ હોય તેમાં સંસ્થાને ભોગવવું પડ્યું હશે; પરંતુ ઇરાદાપૂર્વક ક્યાંય ખોટું કર્યું નથી. અણઆવડતને કારણે સંસ્થાએ ભોગવવું પણ પડ્યું હશે તે કબૂલ કરવું જોઈએ. ઘણા વખતે આવડતનો લાભ થાય તેના કરતાં અણઆવડતથી થતું નુકસાન વધારે હોય છે.

## ત્રણેક મોટી ઘાતમાંથી માંડ બચ્યો

અહીં મોટો કૂવો કહેવાય છે ત્યાં બગીચો સુકાતો હતો ને પંપ બગડેલો. નક્કી કર્યું કે પંપ શરૂ કરી પાણી બહાર કાઢ્યા પછી જ ઘેર જવું છે. આખો દિવસ ધમાલ કરી પંપ તૈયાર કર્યો, કૂવામાં ગોઠવ્યો. પાણી કાઢતાં પહેલાં અંધારું થઈ ગયું. ત્યારે એન્જિન ચલાવવા લાલજીભાઈ વેગડને રાખેલા. કૂવા પર ૧૫ હોર્સ પાવરનું રસ્ટન એન્જિન. પટ્ટો ચડાવી એન્જિન શરૂ કર્યું. પાણી બહાર નીકળ્યું , ને હું લોખંડની સીડી દ્વારા અંધારામાં ઉપર ચડવા માંડ્યો. લાલજીભાઈ ઉપર ઊભા હતા. ઉપરના ભાગે કાઉન્ટરમાં પુલીનો લાંબો બોલ્ટ મારી કફનીમાં ભરાઈ ગયો. તે દિવસે જાડી ખાદીની કફની ઝટ દઈને તૂટે નહીં તેવી. નિસરણી સાથે મડાગાંઠ પડી ગઈ. નિસરણી મૂકી નહીં, બે–ત્રણ પછડાટ લાગ્યા. કફની સાવ તૂટીને નીકળી ગઈ ત્યારે છૂટો પડ્યો. લાલજીભાઈ ખૂબ જ હાંફળા–ફાંફળા થઈ ગયા. એન્જિન બંધ કરે ત્યાં તો જે થવાનું હતું તે થઈ ગયું. પુલી સાથે ઘસાઈને વાંસાની ચામડી પણ નીકળી ગઈ. મલમપટા કરીને રાત કાઢી. બીજા દિવસે મિત્રોને થયું કે દવાખાને લઈ જઈએ. હું પહેલી જ વાર દવાખાને ગયો. ડૉક્ટરોએ તપાસ કરી તો બે પાંસળી ભાંગેલ. મનુભાઈ આવ્યા ને ડૉક્ટરોને ભલામણ કરી. ત્યારે દેવેન્દ્રભાઈ દેસાઈ રાજ્યના આરોગ્ય પ્રધાન હતા. મનુભાઈએ તેમને વાત કરી. મારી સારવાર બહુ સારી રીતે થવા લાગી. ત્યાં લક્ષ્મીબહેન કરીને એક નર્સ હતાં. તે બહુ લાગણીથી પૂછે. સારી રીતે પાટાપિંડી કરે. હું કાંઈક કામ હોય ત્યારે 'લક્ષ્મીબહેન' તેમ સાદ કરીને બોલાવું. બહેનને આમાં કાંઈક અજુગતું લાગેલ. ને મને કહ્યું , 'ભાઈ, તમારે મને લક્ષ્મીબહેન ન કહેવું, સિસ્ટર કહીને બોલાવશો.' તે વખતે અંગ્રેજી નામનો કશો ખ્યાલ નહીં ને નકરું સિસ્ટર તોછડું લાગે તેમ વિચારી જ્યારે જરૂર પડે ત્યારે સાદ કરતો કે 'સિસ્ટરબહેન', અહીં આવો તો. બહેન હસવા લાગતાં ને મને સમજાવતાં કે સિસ્ટર પાછળ બહેન ન લગાડો. મેં કહ્યું, 'તોછડા નામે કેમ બોલાવાય ?' ત્યારે ખ્યાલ આવ્યો કે સિસ્ટર એટલે જ બહેન.

ધોકિયાના કૂવા પર ટાંકીને સ્લૅબ ભરતા હતા. નાનો સ્લૅબ એટલે ઘરઘરનાંએ ભરવાનું શરૂ કરેલ. હું નીચે તગારાં ભરતો હતો. કામ ઝડપથી ચાલતું હતું. ત્યાં ઉપરથી એક ભાઈના હાથમાંથી ભરેલું તગારું છટક્યું ને મારા માથા પર ત્રાંસુ પડ્યું. બહુ વાંધો ન આવ્યો પણ થોડો કાપો પડ્યો, ને લોહીની ઊલટી થઈ. પણ એમ લાગે છે કે બચાવનાર ઈશ્વર છે. થવા કાળે કોઈના માથે કાંકરી પડે તોયે ખલાસ થઈ જાય છે , ભર્યું તગારું માથા ઉપર અધ્ધરથી આવે તેમાં બચવાની પણ આશા ન હોય છતાં કાંઈ થયું નહીં. પછીયે જોખમી કામો ન છોડ્યાં. થવાનું હશે તે થશે તેમ રાખીને જરૂર પડે ત્યાં જોખમી કામો પણ શરૂ જ રાખેલાં.

એક વખત કઠવાના રજપૂત નીરણ ભરવા આવ્યા. ઓઘાના પૂળા ગણી આપ્યા. ત્યાં બાજુના ઘઉંમાં પાણતિયો પાણી વાળે. શિયાળાનો દિવસ હોવાથી પછેડી ઓઢીને ગયેલ અને તડકી નીકળતાં પછેડીને ઓઘાની બાજુમાં મૂકી દીધેલી. કડબ ભરનાર ભાઈની દાનત બગડી ને પછેડી કડબ સાથે ભોરમાં નાખી દીધી. બપોરે ગાડાં નીકળ્યાં ને પાણી વાળનારો મારી પાસે આવ્યો કે , "ભાઈ, આ ગાડાવાળા મારી પછેડી લઈ ગયા છે. મેં ઓઘે પછેડી મૂકી હતી ને બીજુ ત્યાં કોઈ આવ્યું ન હતું. આ ગાડાવાળાએ જ મારી પછેડી લઈ લીધી છે." તે વૃદ્ધભાભાને સમજાવ્યા પરંતુ માન્યા નહીં. જવા દ્યો. જે થયું તે થયું. ને અમે ઊભા રહ્યા.

આપણા મકાન પાસે જ જે ઢાળ છે તેમાં ગાડું ગયું ને બળદની ખરી પૈડામાં આવી ગઈ. બળદ પડી ગયો ને ખરીનો ખોભળો નીકળી ગયો. ગાડું ઊંધું પડ્યું. બંધ ખેંચ્યા ત્યાં અંદરથી પછેડી નીકળી. આપણે તો પછી કાંઈ કહ્યું નહીં પરંતુ તે પોતે પોકે પોકે રોતો જાય ને કહેતો જાય, "મારો બે હજારનો બળદ ટળી ગયો. સંસ્થા તો ધર્મનું મંદિર છે. કોઈ કાંઈ લેશો મા. આ પછેડીમાં મારો જીવ બગડ્યો ને ખરાબ દાનતમાં મારો બે હજારનો બળદ ગયો. કોઈ સંસ્થામાંથી લેશો નહીં ! અપાય તો આપજો પણ આમાંથી લેશો નહીં." આપણે તો બળદને પાટો બાંધી આપ્યો , આપણો બળદ જોડીને ગાડું પણ કઠવા મૂકી આવ્યા પણ તેણે તો ધર્મનો પ્રચાર શરૂ કરી દીધો. હજુ પણ એ હમજીભાભા હયાત છે.

એક વખત ખેતીમાં આંટો મારતો મારતો નાળિયેરીના પ્લૉટમાં ગયો ત્યાં દેવો નામે પાણતિયો પાણી વાળે. ઊછરતી નાળિયેરી એટલે નીચી ખરી. સૂકાયેલાં પાન નીચે લટકે. દેવાને વાત કરી કે આ સૂકાં પાન ખેંચીને પાડી દેજે તો અંદર કચરો ન રહે ને કોયલો ન પડે. અમે બંને સાથે સૂકાં પાન ખેંચીને નીચે પાડવા માંડ્યા. એક થોડુંક લીલું પાન બંનેએ જોર કરીને ખેંચ્યું તો પાન જેવું ખેંચાયું તેની સાથે ઉપરથી ગૂંચળું વળીને પડેલ સર્પ મારા વાંસા ઉપર પડ્યો. દેવો તો વોય વોય કરતો ભાગ્યો. હું તો ત્યાં જ સ્થિર ઊભો રહ્યો. સર્પ તેની મેળે સડેડાટ ઊતરીને ભાગી ગયો. હૃદયના ધબકારા તો તે વખતે ખૂબ વધી ગયા. ઘાતમાંથી બચી ગયો.

## પરમ સંતોષ

હું પોતે કામ તો ટાઈમે કટાઈમે કર્યા કરતો. ઘેર રાત્રીએ કે દિવસે ગમે તેટલો મોડો આવું તો પણ "કેમ મોડા આવો છો ?" તેમ મારાં પત્ની મને કહેતાં નહીં. દિવસે ટાઈમ ન હોય છતાં પણ તેમણે ક્યારેય અસંતોષ બતાવ્યો નથી. બીજા કાર્યકરભાઈઓ ટાઈમે ઘેર ન પહોંચે તો ઘરમાં કજિયો ઊભો થતો. ગમે તેવું કામ હોય, ખળામાં તોલ હોય ને મોડું થાય તો બીજાં બહેનો પાછળ બોલાવવા આવતાં ને ક્રોધ પણ કરી લેતાં. બીજાં છે ને અહીંયાં આમ પટકી ન પડાય તેમ સમજ્યા વિના , સંકોચ વિના બોલાવા માંડતાં. મારે આવો અનુભવ ક્યારેય થયો ન હતો.

ગૌશાળા પણ શરૂ કરી તેમાં ઘરડાં તો ઘરડાં પણ સારી ઓલાદનાં લાવવાં , રંગ–રૂપ, દૂધ વગેરે જોઈને લેવાં, છેવટ સારાં ઢોર ન મળે તો ઘરડી વેતરાઉ ગાયો લાવીને વસાવી. અત્યારે સંતોષ છે કે પ્રમાણમાં ગૌશાળા પણ સારી છે.

ટૂંકમાં આપણે સ્થાપક તો ન થઈ શકીએ પણ સારા વ્યવસ્થાપક થઈ શાંતિ અનુભવીએ. સંસ્થામાં તો ઘણાં આવે છે ને જાય છે. પૂ. નાનાભાઈનું જીવન સંભારીએ તો પણ ખ્યાલ આવે ને મનનો ભ્રમ પણ ઓછો થાય કે ભાવનગરની ધીકતી સંસ્થા છોડી દક્ષિણામૂર્તિદેવનો ફોટો લઈને નીકળી ગયા. તો પછી આપણે તે શું વિસાતમાં ? બીજા શું કહેશે , મિત્રોમાં શું માન –લાગણી, તે કશું મનમાં નથી. જ્યાં સુધી આપણા હાથ–પગ ચાલે ત્યાં સુધી સંસ્થાને ઉપયોગી થવું, અને સંસ્થાને જ્યાં સુધી જરૂર હોય ત્યાં સુધી કામ લે તેવું મનમાં રહે છે. શુદ્ધ ભાવથી કામ કરીને સંસ્થા જે હેતુથી સ્થપાઈ તે સિદ્ધ થાય , નાનાભાઈની જે મહેચ્છાઓ હતી તે પૂરી થાય તેવી ઈશ્વર પાસે પ્રાર્થના કરીને અટકું છું.

-------------

## શ્રી ગોવિંદભાઈ પટેલ

શ્રી. ગોવિંદભાઈ હરજીભાઈ પટેલનો જન્મ તા.૭-૧૨-૧૯૨૬ના રોજ આંબલા (જિ. ભાવનગર)માં થયો.

ભાવનગર રાજ્યની પ્રાથમિક શાળા આંબલામાં ૪ ધોરણ પછી ૧૯૩૮માં શરૂ થયેલ લોકશાળાના પહેલા જ વિદ્યાર્થી તરીકે જોડાયા ને લોકશાળાનો અઢી વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો. પછી ઘરની ખેતીમાં લાગ્યા. ખેતી ટૂંકી તેથી બહારનું કાંતવા–પીંજવાનું કામ કરતા.

થોડો વખત સંસ્થામાં ચાલતા ખાદીકામમાં જોડાયા. તેમાં પાંચેક ગામમાં રેંટિયા ચલાવવા , રિપેર કરવા, પૂણી આપવી, સૂતર લેવું – વગેરે કામો કરેલાં.

ખાદીકામ બંધ થયું તેથી કરીને ઘરની ખેતી તથા બહારની મજૂરીનું કામ કરવા માંડ્યું. સાથે સાથે ગામમાં રાત્રિપ્રવૃત્તિ તથા થોડા જુવાનિયાનું સંગઠન કરવાનું કામ શરૂ કરેલું. અઠવાડિયામાં બે દિવસ મનુભાઈના સંપર્ક માટે રાત્રે મળતા. તેમાંથી તેમની સાથેનો સંપર્ક વધ્યો.

૧૯૪૬માં આંબલા ગૌશાળામાં કામે જોડાયા. ત્રણેક વર્ષ ગૌશાળા વ્યવસ્થાપક તરીકે કાર્ય કરેલું ને ત્યારબાદ આંબલા ખેતીમાં કામગીરી સોંપાણી તે ત્રણેક વર્ષ કરી. ૧૯૫૨માં મણાર ખેતીમાં કામગીરી સોંપાણી ને મણાર કૃષિકેન્દ્રમાં કામ શરૂ કર્યું.

તેમના શોખના વિષય ગૌશાળા તથા ખેતી –બાગાયત રહ્યા છે. આસપાસના ખેડૂતોને ફળઝાડોની માહિતી આપીને બાગાયત ખેતી ખૂબ વિકસાવી તથા ગોપાલન માટે સારા ધણખૂંટ વગેરે અપાવી પશુ – સુધારણાનું કામ પણ ઠીક ઠીક વિકસાવ્યું.

હાલ ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થાના મણાર કેન્દ્રમાં કામ કરે છે.